Seat No. : ______________

# DD-107

**December-2021**

**B.A., Sem.-III**

**CC-202 : Gujarati**

**(ગ્રંથકારનો અભ્યાસ : સુન્દરમ્ (કેટલાંક કાવ્યો, કેટલીક વાર્તાઓ)**

**Time : 2 Hours]** **[Max. Marks : 50**

સૂચના : (1) આ પ્રશ્નપત્રમાં બે વિભાગ છે.

(2) જમણી બાજુના અંક ગુણ દર્શાવે છે.

**વિભાગ – I**

નીચે આપેલા આઠ પ્રશ્નોમાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના જવાબ આપો :

1. સુન્દરમ્‌ના જીવનનો પરિચય કરાવી, તેમના સર્જક વ્યક્તિત્વને ઘડનારાં પરિબળો વિશે ચર્ચા કરો. **14**

2. (A) સુન્દરમ્‌નું કાવ્યક્ષેત્રે પ્રદાન જણાવો. **07**

   (B) ગુજરાતી ટૂંકી વાર્તા ક્ષેત્રે સુન્દરમ્‌નું પ્રદાન મૂલવો. **07**

3. 'કેટલાંક કાવ્યો'ને આધારે સુન્દરમ્‌ની કવિ તરીકેની વિશેષતાઓ અને મર્યાદાઓ જણાવો. **14**

4. (A) સુન્દરમ્‌નાં કાવ્યોમાં ગાંધીજીનો પ્રભાવ **07**

   (B) સુન્દરમ્‌ની અધ્યાત્મલક્ષી કવિતા **07**

5. 'કેટલીક વાર્તાઓ' ને આધારે વાર્તાકાર તરીકે સુન્દરમ્‌ની વિશેષતાઓ અને મર્યાદાઓ આલેખો. **14**

6. (A) 'માજા વેલાનું મૃત્યુ' વાર્તાનું રસદર્શન કરાવો. **07**

   (B) સુન્દરમ્‌ની વાર્તાઓમાં વાસ્તવવાદી અભિગમ **07**

7. (A) 'બાનો ફોટોગ્રાફ' કાવ્યનો આસ્વાદ કરાવો. **07**

   (B) 'મેરે પિયા' કાવ્યનું રસદર્શન કરાવો. **07**

8. (A) 'માને ખોળે' વાર્તાનું રસદર્શન કરાવો. **07**

   (B) સુન્દરમ્‌ની 'કેટલીક વાર્તાઓ' માં ભાષાશૈલી **07**

## વિભાગ – II

(આ વિભાગ ફરજિયાત છે.)

9. નીચે આપેલા હેતુલક્ષી પ્રશ્નોમાંથી કોઈપણ **8**(**આઠ**)ના યોગ્ય વિકલ્પ શોધીને જવાબ આપો : **8**

(1) સુન્દરમ્ ગુજરાતી સાહિત્યના કયા યુગના સર્જક છે ?

(a) સુધારકયુગ (b) પંડિતયુગ

(c) ગાંધીયુગ (d) આધુનિકયુગ

(2) સુન્દરમ્‌નો જન્મ ક્યાં થયો હતો ?

(a) મિયામાતર (b) વાલમ

(c) બોટાદ (d) ચાણોદ

(3) સુન્દરમ્‌નાં લગ્ન કેટલા વર્ષની વયે થયાં હતાં ?

(a) 12 (b) 15

(c) 09 (d) 21

(4) ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહારનું ઉપનામ જણાવો.

(a) ‘જિપ્સી’ (b) ‘સ્નેહરશ્મિ’

(c) ‘સુન્દરમ્’ (d) ‘ઘાયલ’

(5) સુન્દરમ્‌ના પ્રથમ કાવ્યસંગ્રહનું નામ જણાવો.

(a) ‘વસુધા’ (b) ‘કોયા ભગતની કડવી વાણી’

(c) ‘યાત્રા’ (d) ‘કાવ્યમંગલા’

(6) ઈ.સ. 1990માં ગુજરાત સરકારે કયા પુરસ્કારથી સુન્દરમ્‌નું સન્માન કર્યું હતું ?

(a) ગુર્જરરત્ન (b) નરસિંહ મહેતા એવોર્ડ

(c) મહીડા પારિતોષિક (d) નર્મદ સુવર્ણચંદ્રક

(7) ‘ત્રણ પાડોશી’ કાવ્યમાં કોની વેદનાને વાચા આપવામાં આવી છે ?

(a) ગંગામા (b) માકોર ડોશી

(c) કોયા ભગત (d) વિમળાબા

(8) ‘બુદ્ધનાં ચક્ષુ’ કાવ્યનો મુખ્ય રસ કયો છે ?

(a) કરૂણરસ (b) વીરરસ

(c) અદ્‌ભુતરસ (d) શાંતરસ

(9) સ્વાતંત્ર્યપ્રેમની ભાવના સુન્દરમ્‌ના કયા કાવ્યમાં વ્યક્ત થઈ છે ?

(a) ત્રિમૂર્તિ (b) બાનો ફોટોગ્રાફ

(c) સાફલ્યટાણું (d) રંગ રંગ વાદળિયાં

(10) "હું માનવી માનવ થાઉં તો ઘણું" – આ પંક્તિ સુન્દરમ્‌ના કયા કાવ્યની છે ?

(a) એક સવારે (b) માનવી માનવ

(c) બુદ્ધનાં ચક્ષુ (d) હંકારી જા

(11) શિશુસહજ મનોભાવોનું નિરૂપણ સુન્દરમે કયા કાવ્યમાં કર્યું છે ?

(a) રંગ રંગ વાદળિયાં (b) ઘણ ઉઠાવ

(c) વિરાટની પગલીઓ (d) મેરે પિયા

(12) "અંતરની એરણ પર કોની પડે હથોડી ચેતનરૂપ ?" – આ પંક્તિ સુન્દરમ્‌ના કયા કાવ્યની છે ?

(a) પતંગિયું અને ગરૂડ (b) એક સવારે

(c) કોણ ? (d) સાંજને સમે

(13) સુન્દરમ્‌ની કઈ વાર્તામાં જાતીયજીવનનો પ્રશ્ન સંકેતાત્મક રીતે આલેખાયેલો છે ?

(a) ખોલકી (b) આશા

(c) મીન પિયાસી (d) માજા વેલાનું મૃત્યુ

(14) 'ગોપી' વાર્તામાં મોતી રાવળ સ્વભાવે કેવી વૃત્તિ ધરાવે છે ?

(a) અભિમાન (b) ભક્તિભાવ

(c) લોભ (d) કરકસર

(15) 'માજા વેલાનું મૃત્યુ' વાર્તામાં વધુ પડતી જલેબી ખાવાથી કોને તાવ ચઢે છે ?

(a) માજા વેલાને (b) ગોપાલને

(c) ચંદનને (d) વિપુલને

(16) માનવ-માનવેતર પાત્રસૃષ્ટિનું આલેખન સુન્દરમ્‌ની કઈ વાર્તામાં થયું છે ?

(a) ગોપી (b) લાલ મોગરો

(c) માજા વેલાનું મૃત્યુ (d) પેકાર્ડનો પ્રવાસ

---